ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ ધ્વારા
બાંધવામાં આવતા બિન રહેણાંકના મકાનોમાં
ફર્નિચરની કામગીરી કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પીએચસી/૨૦૧૦/૨૨/લ,
સચિવાલય,ગાંધીનગર.
તા. 22 JAN 2010

**<u>વંચાણે લીધો :-</u>**

અધિક પોલીસ મહાનિદેશક અને મેનેજીંગ ડીરેકટર, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગરનો તા.૧૨/૧૦/૨૦૦૯ નો પત્ર ક્રમાંક : પીએચસી/એમડી/૭૬૪૭/૦૯

**<u>ઠરાવ :-</u>**

ગૃહ વિભાગના સીધા વહીવટી નિયંત્રણ હેઠળ સને-નવેમ્બર-૧૯૮૮ થી અસ્તિત્વમાં આવેલ ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમીટેડ પોલીસ ખાતાના રહેણાંક તથા બિન-રહેણાંકના મકાનોનું બાંધકામ સૂચિત નકશા-અંદાજો પર અધિકૃત તાંત્રિક મંજૂરીના આધારે હાથ ધરે છે. આ કામગીરી માટે નિગમને પ્રત્યેક નાણાંકીય વર્ષમાં બજેટરી જોગવાઈ કરી સમયાંતરે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. જે નાણાંમાંથી નિગમ બાંધકામની પ્રવૃત્તિ ઉપરાંત આવા મકાનોની મરામત અને જાળવણીની પણ કામગીરી હાથ ધરે છે. નિગમ ધ્વારા હાથ ધરવામાં આવતી બિન-રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી માત્ર સ્ટ્રકચરલ જ કરવામાં આવતી હતી. આવા મકાનોમાં જરુરી ફર્નિચરની સુવિધા નિગમ ધ્વારા આપવામાં આવતી નહતી અને આ કામગીરી માટે સરકારશ્રી તરફથી અલગથી કોઈ નાણાંકીયસ્ત્રોત પણ ફાળવવામાં આવતું નથી. તાજેતરમાં સી.પી., સુરત, એસ.પી., હિંમતનગર અને પાટણ, એસ.પી., જામનગર અને નવસારીની કચેરીનું બાંધકામ લગભગ તૈયાર થવામાં છે. આવી કચેરીઓના અધિકારીઓ ધ્વારા ફર્નિચરની કામગીરી કરી આપવા માટે ફંડની રકમ ફાળવવાનિગમને જણાવવામાં આવે છે. તેથી પોલીસ ખાતાના બિન-રહેણાંકના મકાનો જેવાં કે પોલીસ સ્ટેશન અને એસ.પી./સી.પી. ઓફિસમાં જરુરી એવા ફર્નિચરની કામગીરી પણ નિગમ ધ્વારા કરવામાં આવે તે બાબતે તા.૬/૭/૨૦૦૯ ના રોજ નિગમના નિયામક મંડળની મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. પુખ્ત વિચારણાને અંતે આ કામગીરી નિગમે નીચેની શરતોએ કરવાનું આથી ~~કરવામાં~~ ઠરાવવામાં આવે છે.

(૧) ગૃહ વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓ તથા તેમના તાબાની કચેરીઓના બિન-રહેણાંકના મકાનો જેવાં કે, તાલીમ કેન્દ્ર, પોલીસ સ્ટેશન, પોલીસ ચોકી, એસ.આર.પી. બેરેક, એસ.પી. ઓફિસ, સી.પી. ઓફિસ અને વહીવટી બ્લોક જેવા મકાનોમાં જે તે ઓફિસના વહીવટી સ્ટાફને અનુરુપ ફર્નિચરની સુવિધા પણ આપવાની રહેશે.

JP

(૨) આવી કચેરીઓના નવા બાંધકામના મકાનોના અંદાજો સાથે જ ફર્નિચરની વાસ્તવિક કિંમત અથવા પ્રોજેકટ કોસ્ટના ૭.૫% બે માંથી જે ઓછું હોય તે અંદાજ ધ્યાનમાં લેવાનો રહેશે.

(૩) આવા નવા મકાનોના ફર્નિચર માટે સબંધિત ખાતાના વડાએ કોઈ અન્ય જોગવાઈ કરવાની રહેશે નહિ તેમજ આવી કચેરીના જુના ફર્નિચરનો યથોચિત ઉપયોગ કરવા અથવા નિકાલ કરવાની વ્યવસ્થા પણ જે તે ખાતાના વડાએ કરવાની રહેશે.

(૪) પોલીસ આવાસ નિગમ ધ્વારા હાલ જે મકાનોનું બાંધકામ ચાલુ હોય અથવા જે મકાનો બંધાઈને તૈયાર થઈ ગયેલ છે તે સઘળાં મકાનોમાં પણ જરુરી ફર્નિચરની વ્યવસ્થા આ ઠરાવથી સૂચવાયા મુજબ નિગમે હાથ ધરવાની રહેશે.

(૫) નિગમ ધ્વારા જે મકાનોના નકશા–અંદાજો તૈયાર કરવામાં આવે તે વખતે જ સૂચિત જોગવાઈના ૭.૫% ની મર્યાદામાં ફર્નિચર અંગેની જોગવાઈનો સમાવેશ કરવાનો રહેશે અને તે અંગેનો ખર્ચ સબંધિત બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ જે તે નાણાંકીય વર્ષમાં થયેલ જોગવાઈમાંથી ફાળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહની તા.૧૮/૧/૨૦૧૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આપનો વિશ્વાસુ,

૨૧.૧.૧૦

**(આર.બી.રાઠોડ)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

**નકલ રવાના :–**

–પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર
–મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગર
–એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજયકોટ
–નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–નાણાં વિભાગ, "અ" અને "ર" શાખા, સચિવાલય, ગાંધીનગર
–તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
–વીમા નિયામકશ્રી, ગાંધીનગર
–શાખા સીલેકટ ફાઈલ
–નાયબ સેકશન અધિકારી, સીલેકટ ફાઈલ.

JP